# રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧

## -: અખબારી યાદી :-

## દબાણ હટાવ શાખા દ્વારા તા. ૨૩/૦૧/૨૦૨૩ થી તા. ૨૯/૦૧/૨૦૨૩ દરમ્યાન શહેરના વિવિધ વિસ્તારોમાં કરવામાં આવેલ કામગીરી

**તારીખ:- ૩૦/૦૧/૨૦૨૩**

રાજકોટ મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા તારીખ : ૨૩/૦૧/૨૦૨૩ થી ૨૯/૦૧/૨૦૨૩ ની શહેરમાં જુદી જુદી જગ્યાએ જાહેર માર્ગો પર દબાણ રૂપ એવા રેંકડી-કેબીન, અન્ય ચીજવસ્તુઓ, શાકભાજી-ફળો જપ્તી તેમજ પશુઓને આપવામાં આવતું લીલું , બોર્ડ-બેનરો વગેરે જપ્ત કરવાની કામગીરી કરવામાં આવેલ છે. રસ્તા પર નડતર રૂપ ૨૦ રેકડી તે નંદનવન(રાણી પાર્ક) , જીવરાજ પાર્ક, બાપાસિતારામ ચોક, લક્ષ્મિનગર, પરથી જપ્ત કરવામાં આવી હતી. જુદીજુદી અન્ય ૧૧૧ પરચુરણ ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવી જીવરાજ પાર્ક , સ્ટર્લિંગ હોસ્પિટલ સામે , સાધુવાસવાણી રોડ , બાપાસિતારામ ચોક,યુનિ.રોડ, કોઠારીયા રોડ, ૮૦ ફુટ રોડ મોરબી બાયપાસ પરથી જપ્ત કરવામાં આવી હતી, ૧૯૦ કી.ગ્રા. શાકભાજી-ફળો કે જે ઉપયોગમાં લઇ શકાય તેમ ન હતા તેને પુષકરધામ ,યુનિ.રોડ, ગાયત્રી કેરિયરની સામેના રોડ પરથી જપ્ત કરવામાં આવ્યા હતા, તેમજ રૂ.૪૩,૦૦૦/-વહીવટી ચંદ્રેશનગર, પટેલ કન્યાછાત્રાલય, કોઠારીયા રોડ, ૮૦ ફુટ રોડ મોરબી બાયપાસ પરથી વસુલ કરવામાં આવ્યો હતો, રૂ.૪૪,૫૮૫/- મંડપ ચાર્જ જે સંતકબીર રોડ , ચંદ્રેશનગર, પાસેથી વસુલ કરવામાં આવ્યો હતો અને ૩૮૧ બોર્ડ-બેનર તે પેડક રોડ, કોઠારીયા રોડ, જીવરાજ પાર્ક, યુનિ.રોડ, કુવાડવા રોડ, ૮૦ ફુટ રોડ મોરબી બાયપાસ પરથી જપ્ત કરવામા આવ્યા હતા.

**(જન સંપર્ક અધિકારી)**
**રાજકોટ મહાનગરપાલિકા**